**Gujarati Midday Pg 9, 12th July 2022**

# ફાઇનૅન્શિયલ સ્ટેબિલિટી બોર્ડ ક્રિપ્ટો માટે વૈશ્વિક નિયમો પ્રસ્તાવિત કરશે

## આઇસી૧૫ ઇન્ડેક્સમાં ૯૩૨ પૉઇન્ટનો ઘટાડો

**જી-20** રાષ્ટ્રોના સમૂહના ફાઈનૅન્શિયલ સ્ટૅબિલિટી બોર્ડે સોમવારે કહ્યું છે કે એ ક્રિપ્ટોકરન્સી માટે વૈશ્વિક નિયમો પ્રસ્તાવિત કરશે. આ સમૂહમાં જી-20 દેશોના નિયમનકારો, કેન્દ્રીય બૅન્કોના અધિકારીઓ, નાણાં ખાતાના અધિકારીઓ સામેલ હોય છે. બોર્ડના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે સ્થાનિક તેમ જ આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિપ્ટો માર્કેટ માટે નિયમનની વ્યવસ્થા હોવી જરૂરી છે. સમૂહનું સભ્યપદ ધરાવતા દેશોએ આંતરરાષ્ટ્રીય ધોરણો ઘડવા અને અમલમાં મૂકવા માટે સમર્થન આપ્યું છે. દરમ્યાન, ક્રિપ્ટોકરન્સી માર્કેટનું કૅપિટલાઇઝેશન સોમવારે ૩ ટકા ઘટીને ૯૧૨.૪૦ અબજ ડૉલર થઈ ગયું હતું. માર્કેટ વૉલ્યુમમાં ૪.૫ ટકાનો ઘટાડો થયો છે તથા બીટકૉઇનનો ભાવ ૨૦,૪૭૫ની આસપાસ ચાલી રહ્યો છે. ઈથેરિયમ પણ ૩.૪૪ ટકા ઘટીને ૧૧૪૨ ડૉલરની નજીક પહોંચી ગયો છે. અગાઉ, ક્રિપ્ટોવાયરે લૉન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રિપ્ટો ઈન્ડેક્સ-આઈસી૧૫ સોમવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં ૩.૨૯ ટકા (૯૩૨ પૉઇન્ટ) ઘટીને ૨૭,૩૯૪ પૉઇન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૨૮,૩૨૬ ખૂલીને ૨૮,૩૬૪ સુધીની ઉપલી અને ૨૭,૦૯૪ પૉઇન્ટની નીચલી સપાટીએ ગયો હતો.